PDS યોજનામાં GOI ની સબસીડાઇઝ દરે પૂરી પાડવામાં આવનાર તુવેર દાળ અને ચણા દાળનું વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૭/૦૫/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૮/૦૩/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક

આમુખ :-

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રૂ.૧૫/કિ.ગ્રા. કેન્દ્રીય સબસીડી સાથે કઠોળના વિતરણની ભારત સરકારની યોજના હેઠળ માહે એપ્રિલ-૨૦૧૯ તથા મે-૨૦૧૯ દરમ્યાન તમામ NFSA કાર્ડધારકોને ઉપલબ્ધ જથ્થાના આધારે રૂ.૩૭/કિ.ગ્રા. તથા રૂ.૪૨/કિ.ગ્રા. ભાવે અનુક્રમે ૧ કિ.ગ્રા. તુવેર દાળ તથા ૧ કિ.ગ્રા. ચણા દાળનું વિતરણ કરવાનું ઠરાવવામાં આવેલ છે. માહે મે-૨૦૧૯ અંતિત વાજબી ભાવની દુકાનો તથા નિગમના ગોડાઉન પર બચત રહેલ તુવેર દાળના જથ્થાનું માહે જુન-૨૦૧૯ દરમ્યાન વિતરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. માહે મે-૨૦૧૯ અંતિત બચત રહેલ તુવેર દાળના જથ્થાનું નીચેની વિગતે માહે જુન-૨૦૧૯ દરમ્યાન વિતરણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

જે વાજબી ભાવની દુકાન પાસે માહે મે-૨૦૧૯ અંતિત તુવેર દાળનો બચત જથ્થો ઉપલબ્ધ હોય તો તે જથ્થો માહે જુન-૨૦૧૯ દરમ્યાન ફક્ત AAY કાર્ડધારકોને વહેલા તે પહેલાના ધોરણે તુવેર દાળનું વિતરણ કરવાનું રહેશે તેમજ જે વાજબી ભાવના દુકાનદારો માહે મે-૨૦૧૯ દરમ્યાન નિગમના ગોડાઉનમાંથી તુવેર દાળનો જથ્થો ઉપાડી શક્યા નથી તેમણે માહે જુન-૨૦૧૯ દરમ્યાન સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવ મુજબ તુવેર દાળનું વિતરણ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કિશોરકુમાર એસ. રાણા)
ઉપ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૩. સર્વે જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
૪. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, બહુમાળી ભવન, અમદાવાદ.

નકલ રવાના :-

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર
૪. સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)
૫. સીલેક્ટ ફાઇલ

Received
01/06/2019 - 3:37 pm